આદર્શ નિવાસી શાળા, ઇડર, જી.સાબરકાંઠાના મકાનના મરામત/રીપેરીંગ બાબત.

ક્રો.ઠ.ઠ
૭૫

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૦૧૩-ઇડર-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૬-૧-૨૦૧૪.

S. J. & E. DEPTT.
9 JAN 2014
IWDMS No. ૨૯૫૯૬

**વંચાણે લીધાઃ**

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના તા.૧૦-૧૧-૧૩ ના પત્ર ક્રમાંકઃ અજાક- ગ.૧- ૧-૨૦૧૩-૧૪- ૫૭-૪૫.

(૨) નાયબ કાર્યાપાલક ઇજનેરશ્રી, પુલ પેટા વિભાગ, ઇડર- જી.સાબરકાંઠાના તારીખઃ ૧૨-૮-૧૩ ના પત્ર ક્રઃઆઇ.૪-૮૮૬.

**ઠરાવઃ**

આદર્શ નિવાસી શાળા ઇડર, જી.સાબરકાંઠાના વિભાગ તથા છાત્રાલય વિભાગ મકાનના બારીબારણા, વેલ્ટીલેટર, અને ધાબાના ખુલ્લા કટ આઉટને પોલીશ કાર્બોનેટ ડોમથી બંધ કરવા તથા પેસેજમાં આવેલ ઇંટ ચણતરના પાટીશન કાઢી, પોલીશ કોટાસ્ટોન લગાવવાની કામગીરી, વાયરીંગ રીપેરીંગ, સેનેટરી તથા પ્લમ્બીગ કામ અને રીપેરીંગ અને શાળા / છાત્રાલય અને સ્ટાફ કર્વાટસ અને કલરકામ કરવા માટે રૂ.૧૨,૨૧,૦૦૦/- (અંકે રુપિયા બાર લાખ એકવીસ હજાર પુરા) ના ખર્ચને મંજૂરી આપવા તથા તે અંગેની ગ્રાન્ટ માર્ગ અને મકાન વિભાગને હવાલે મૂકવા આમુખ ક્રમાંકઃ૧ થી નિયામકશ્રી, અનસૂચિત જાતિ કલ્યાણે દરખાસ્ત કરેલ છે.

આદર્શ નિવાસી શાળા, ઇડર, જી.સાબરકાંઠાના મકાન રીપેરીંગ/મરામત કરવા માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરવામાં આવેલ રૂ.૧૨,૨૧,૦૦૦/- (અંકે રુપિયા બાર લાખ એકવીસ હજાર પુરા) ના અંદાજોને નીચેની શરતોને આધીન સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૩-૧૪ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(3) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

આ અંગેનો માંગણી ક્રમાંકઃ૯૫, એસ.સી.એસ.પી. મુખ્ય સદર-૪૨૨૫- અનુ.જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોનુ કલ્યાણ- મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર-૦૧- અનુ.જાતિ કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭- શિક્ષણ, પેટા સદર- ૦૪- બીસીકે-૨૫(એ) સરકારી મકાનની કક્ષા ઉંચી લાવવી હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦-૧૨-૨૦૧૩ ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડિયલ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
એ.જી.રાજકોટ/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
નાયબ કાર્યાપાલક ઇજનેરશ્રી, પુલ પેટા વિભાગ, ઇડર- જી.સાબરકાંઠા
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, હિંમતનગર, જી.સાબરકાંઠા
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, બહુમાળી મકાન, હિંમતનગર, જી.સાબરકાંઠા.
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
સિલેકટ ફાઇલ.